# ગુજરાત સાહિત્ય અકાદમી

`**<u>પ્રેષક</u> ગુજરાત સાહિત્ય અકાદમી**, પ્રતિ, શ્રી. ...............................
જુનુ વિધાનસભા ભવન, ...............................
ટાઉન હોલ પાસે, સેકટર-૧૭, ...............................
ગાંધીનગર.-૩૮૨૦૧૭. ...............................

વષય : **ઉત્તમ મૌલિક બાલસાહિત્યના નિર્માણ અને પ્રકાશનના પ્રોત્સાહન માટેની યોજનાનું આવેદનપત્ર મોકલવા બાબત.**

ક્રમાંકઃ ગસઅ / બાલસાહિત્ય /

તારીખ :- ...............................

શ્રીમાન, ...............................

આપના તા. ......................... ના પત્રના અનુસંધાને સવિનય નિવેદન કે, ઉત્તમ મૌલિક બાલસાહિત્યના નિર્માણ અને પ્રકાશનના પ્રોત્સાહન માટે લેખકને આર્થિક સહાય આપવાની યોજના અંગેનું આવેદનપત્ર આ સાથે મોકલું છું. આવેદનપત્ર સ્વીકારવાની છેલ્લી તારીખઃ ......................... છે. ત્યારબાદ આવેદનપત્ર સ્વીકારવામાં આવશે નહીં.

મહામાત્ર,
ગુજરાત સાહિત્ય અકાદમી,
ગાંધીનગર.

## <u>ઉત્તમ મૌલિક બાલસાહિત્યના નિર્માણ અને પ્રકાશનના પ્રોત્સાહન માટેની યોજનાન નિયમો</u>

1 રાષ્ટ્રીય પુસ્તક નીતિ માટેની સમિતિની ભલામણ અન્વયે ઉત્તમ મૌલિક પ્રકારના બાલસાહિત્યના પુસ્તકોના નિર્માણ અને પ્રકાશનને પ્રોત્સાહન આપવાની આ યોજના છે.

2 ઉત્તમ જણાતી રચના અકાદમી દ્વારા પ્રકાશિત કરવામાં આવશે અને તે માટે લેખકને અકાદમીના નિયમાનુસાર પુરસ્કાર આપવામાં આવશે.

3 અગાઉના વર્ષોમાં સહાય માટે અસ્વીકૃત થયેલી કૃતિ પ્રકાશન માટે આ યોજના હેઠળ સહાય મેળવવાપાત્ર રહેશે નહીં.

૪ સહાય માટે પાત્ર ઠરેલી હસ્તપ્રત અંગે મંજૂર કરાનાર સહાયની રકમ, હસ્તપ્રતની ૫૦૦ નકલોના મુદ્રણ અંગે કરેલા ખરેખર ખર્ચના ૭૫% અથવા રૂા. ૫,૦૦૦-૦૦ ( અંકે રૂપીયા પાંચ હજાર પુરા) બેમાંથી જે રકમ ઓછી હશે તે સહાયની રકમ કૃતિ પ્રકાશિત કરી તેના મુદ્રણ અંગેના ખર્ચના વાઉચર ગુજરાત સાહિત્ય અકાદમીને રજૂ કરતા ચુકવવાપાત્ર થશે.

૫ હસ્તપ્રતની પ્રગટ કરેલી પુસ્તકની નકલોની સંખ્યા ૫૦૦ કરતાં ઓછી હોવી જોઇશે નહીં.

૬ પ્રકાશિત પુસ્તકની ૧૫ (પંદર) નકલ લેખકે ગુજરાત સાહિત્ય અકાદમીને ભેટ મોકલવાની રહેશે.

૭ પ્રકાશિત પુસ્તકની મુખપૃષ્ઠની પાછળની બાજુએ અથવા પ્રસ્તાવનામાં સ્પષ્ટ રીતે ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાત રાજય, ગાંધીનગરની આર્થિક સહાયથી પ્રકાશિત એવી ઋણ સ્વીકારની પંકિત મુકવાની રહેશે.

૮ પ્રકાશિત પુસ્તકની જોડણી સરકાર માન્ય સાથે જોડણીકોશ પ્રમાણે રાખવાની રહેશે.

૯ જે કૃતિના પ્રકાશન માટે સહાયક ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હોય, તેનો હુકમ થયા બાદ ૧ વર્ષમાં પુસ્તક પ્રગટ કરવાનું રહેશે. આ મુદત દરમિયાન પુસ્તક પ્રકાશિત નહીં કરનારની આર્થિક સહાય આપોઆપ રદ

થયેલી ગણાશે.

૧૦ લેખકે પોતાની સંપૂર્ણ હસ્તપ્રત નિયત તારીખ સુધીમાં મહામાત્ર, ગુજરાત સાહિત્ય અકાદમીની કચેરીમાં યોગ્ય અધિકારીને રૂબરૂ અથવા રજિસ્ટર્ડ ટપાલથી મોકલવાની રહેશે. હસ્તપ્રત ટાઇપ કરેલી અથવા કાગળની એક બાજુએ ચોખ્ખા અક્ષરે લખેલી અને પાનાના નંબર સાથે વ્યવસ્થિત રીતે બાંધેલી હોવી જરુરી છે. હસ્તપ્રતના છૂટા પાના સ્વીકારવામાં આવશે નહીં. હસ્તપ્રતમાં મુખપૃષ્ઠ પર લેખકે પોતાનું નામ અને સરનામું સ્પષ્ટ રીતે દર્શાવવું. ગ્રંથની હસ્તપ્રત રજૂ કરાયા બાદ તેનું નામ-શિર્ષક બદલી શકાશે નહીં. હસ્તપ્રત મંજૂર થયા બાદ્ એની સામગ્રીમાં કોઇ પ્રકારનો ફેરફાર થઇ શકશે નહીં.

૧૧ સહાયક ગ્રાન્ટ હેઠળ પ્રગટ થતાં પુસ્તકોમાં જાહેરખબર લઇ શકાશે નહીં.

૧૨ આ યોજના અંગેની પધ્ધતિ અને અન્ય નીતિ-નિયમો તથા નિર્ણય કરવાની સત્તા અકાદમીની કાર્યવાહક સમિતિને રહેશે.

૧૩ આ યોજના હેઠળ લેખકે જે તે વર્ષમાં એક જ હસ્તપ્રત રજૂ કરવાની રહેશે.

## <u>આવેદનપત્ર</u>

૧ લેખકનું નામઃ

૨ પત્રવ્યવહારનું સરનામુંઃ

૩ પુસ્તકનું શીર્ષકઃ

૪ લેખકના અન્ય પ્રકાશિત પુસ્તકોની યાદીઃ (ફક્ત બાળસાહિત્યની કૃતિ)

(૧)

(૨)

(૩)

(૪)

૫ હસ્તપ્રતના વિષયવસ્તુ અંગે કોઇ જરુરી વિગત

જણાવવાની થાય તો તેની વિગતોઃ

આથી હું પ્રમાણિકતાપૂર્વક જાહેર કરુ છું કે, આ સાથે મેં રજૂ કરેલી બાળસાહિત્યની રચના ................................ મારી મૌલિક રચના છે, અને તે પહેલાં મારા નામે કે અન્ય નામે કયાંય કોઇ પણ સ્વરૂપે પ્રકાશિત થઇ નથી.

સ્થળ : ................................ **લેખકની સહી**

તારીખ : ................................

વિશેષ નોંધઃ જો હોય તો તે :

................................ ..............................

................................

................................

પ્રેષકઃ (નામ, સરનામું)

પ્રતિશ્રી,
મહામાત્ર,
**ગુજરાત સાહિત્ય અકાદમી,**
જુનુ વિધાનસભા ભવન,
ટાઉન હોલ પાસે, સેક્ટર-૧૭,
ગાંધીનગર-૩૮૨૦૧૭.

વષય : **ઉત્તમ મૌલિક બાલસાહિત્યના નિર્માણ અને પ્રકાશનના પ્રોત્સાહન માટેની આર્થિક સહાયની યોજના.**

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અન્વયે આર્થિક સહાય અંગેની વિચારણા અર્થે હું આ સાથે દર્શાવેલ પુસ્તકની હસ્તપ્રત .................................... (પુસ્તકનું શીર્ષક) જરુરી વિગતો સાથે મોકલું છું.

આર્થિક સહાય અંગેના નિયમો મેં બરાબર વાંચ્યા છે અને એ મને બંધનકર્તા રહેશે એ હું સ્વીકારું છું.

મારા પુસ્તકના પ્રકાશન અર્થે અકાદમી ગ્રાન્ટ મંજૂર કરશે તો સહાયક ગ્રાન્ટની બધી શરતોનું હું બરાબર પાલન કરીશ એ અંગે આથી હું અંગત બાંહેધરી આપું છું.

તારીખઃ ................................ **લેખકની સહી** ............................